## જાહેરાત

**સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઇ.સી.ડી.એસ શાખા, ખેડા જિલ્લા પંચાયત નડીયાદ દ્વારા કાર્યરત ખેડા જીલ્લાની આંગણવાડી કાર્યકર અને તેડાગર ની જગ્યાઓ અંગે ઓનલાઇન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૩/૨૪**

આઈ.સી.ડી.એસ શાખા,ખેડા જિલ્લા પંચાયત નડીયાદ હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની માનદવેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

(અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.In)

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલનીખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૧૧૩ | ૧૪૨ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર અને તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૩ માં તા.૦૭/૧૧/૨૦૨૩ [રાત્રે 00:00 કલાકથી શરુ(તા.૦૮/૧૧/૨૦૨૩ થી શરૂ)]થી તા.30/૧૧/૨૦૨૩ રાત્રે૧૨:00 કલાક સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર અને તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર - ૧0000/-, અને આંગણવાડી તેડાગર - ૫૫00/- ને મળતું માનદવેતન પ્રમાણે માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર ની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણના ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- ઉપરોક્ત જગ્યાઓ પૈકી આંગણવાડી કેન્દ્ર- રહેમાનપુરા (આંગણવાડી તેડાગર) માટેની ભરતીનો ત્રીજો પ્રયત્ન છે.
- ઉપરોક્ત જગ્યા પૈકી આંગણવાડી કેન્દ્ર- ભાઈલા કુઈ (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર-નાના રામપુરા (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર- ફતેપુરા (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર-વાજાવત (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર- મલેકવાડો (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર-બામણગામ-૨ (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર-આનંદવાડી (કણજરી વોર્ડ નંબર ૪) (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર-ચકલાસી રોહિતવાસ (ચકલાસી વોર્ડ નંબર ૪) (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર-નવી ઇન્દીરાનગરી (કણજરી વોર્ડ નંબર ૪) (આંગણવાડી કાર્યકર), આંગણવાડી કેન્દ્ર-પ્રણામીનગર (ચકલાસી વોર્ડ નંબર ૧) (આંગણવાડી કાર્યકર), આંગણવાડી કેન્દ્ર- વોરા કોલોની (ચકલાસી વોર્ડ નંબર ૫ ) (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર-ફતુખાડા (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર- રોહિતવાસ (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર-ભગતજીન (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર-અકલાચા (આંગણવાડી કાર્યકર), આંગણવાડી કેન્દ્ર-અલીન્દ્રા-૧ (આંગણવાડી તેડાગર), આંગણવાડી કેન્દ્ર-દેવીયાવગો (આંગણવાડી તેડાગર) માટે બીજા પ્રયત્નની ભરતી છે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોકયુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે અરજદાર દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે ખેડા જિલ્લાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

જીલ્લા વિકાસ અધિકારી
ખેડા જીલ્લા પંચાયત, નડીયાદ